RNI NO. GUJGUJ/2015/64872
SINCE - 1968
વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક
Vol.No-3, Issue No-7 TOTAL PAGE-4 Ahmedabad, Monday 05/02/2018

# માતૃભાષા ગૌરવ

મા, માતૃભૂમિ, માતૃસંસ્થા અને માતૃભાષાનું આપણી ઉપર ઋણ રહેલું હોય છે.'મા' નું ઋણાર્પણ અનંત છે, માતૃભૂમિ અને માતૃસંસ્થાનું ઋણ અદા કરવાનું એક માધ્યમ ભાષા પણ છે. ભાષાનું ઋણ ત્યારે જ અદા કરી શકાય જ્યારે તેને યોગ્ય રીતે પ્રયોજવામાં આવે.

આપણી માતૃભાષા ગુજરાતીની સેવા કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યથી લઈને મધ્યકાલીન રસેશ્વર કવિ પ્રેમાનંદ, નરસિંહ મહેતા, મીરાં વગેરેએ કરી છે. અર્વાચીનોમાં આદ્ય કવિ નર્મદે 'નર્મકોશ' પ્રકાશિત કરી માતૃભાષાની સેવાની નવી પહેલ કરી. મહારાજ ભગવતસિંહજીએ માતૃભાષા પ્રત્યે અપાર પ્રેમ દાખવી 'ભગવદ્‌ગોમંડલ' ની રચના કરી અજોડ કાર્ય કર્યું. મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી દ.બા કાલેલકર (કાકા કાલેલકર) અને તેમના સાથી મિત્રોએ દેશની આઝાદીની ચળવળ દરમિયાન જેલવાસમાં પણ શબ્દ સાધના કરીને 'સાર્થ ગુજરાતી જોડણીકોશ' નું સંપાદન કાર્ય કર્યું. આ રીતે માતૃભૂમિ અને માતૃભાષાની બેવડી સેવા કરી છે. કે.કા.શાસ્ત્રી, ડૉ. હરિવલ્લભ ભાયાણી, રતિલાલા સાં. નાયક, ડૉ. યોગ્ન્દ્ર વ્યાસ વગેરે અનેક ભાષાવિદો, કોશકારો, સંશોધકો અને સંપાદકોએ એક યા બીજા સ્વરૂપે માતૃભાષાની આરાધના કરી છે. કમ્પ્યૂટર અને ઈન્ટરનેટનાં યુગમાં આંગળીનાં ટેરવે સાચા શબ્દની જાણકારી મેળવી શકાય તે ઉદ્દેશ્યથી રતિલાલ ચંદરીયાએ 'ગુજરાતી લેક્સિકોન ડિક્શનરી'નું નિર્માણ કરીને અજોડ કાર્ય કર્યુ છે. ૨૫ વર્ષની ભારે જહેમતનાં પરિણામે તેમણે ૪૬ લાખ શબ્દોનું સંકલન કર્યું છે. આજે 'સાર્થ ગુજરાતી જોડણીકોશ' અને 'ગુજરાતી લેક્સિકોન ડિક્શનરી'ની એપ્સ પણ પ્લે સ્ટોરમાં ઉપલબ્ધ છે.

આમ, આપણે માતૃભાષાને સાચી રીતે લખી શકીએ તે માટે માતૃભાષા પ્રેમી અનેક મહાનુભવોએ ભગીરથ પ્રયત્નો કરી આપણને પુસ્તક અને ડિજિટલ એમ બંને સ્વરૂપે વિપુલ સાહિત્ય પુરૂ પાડ્યું છે.

આમ છતાં, તેમનો પરિશ્રમ સાહિત્ય અને પ્રકાશન પૂરતો સીમિત રહ્યો છે. તેઓની મહેનતનાં મીઠાં ફળ રોજિંદા જીવન વ્યવહાર સુધી પહોંચ્યા નથી. પરિણામે આપણી ચોતરફનાં વાચનક્ષેત્ર જેવાં કે, વર્ગખંડ, આમંત્રણ-પત્રિકાઓ, પેમ્ફલેટ, સાઈનબોર્ડ, મોટાં બેનર-હોર્ડિંગ્સ, કચેરીઓ, ટી.વી.શ્રેણીઓ, ન્યુઝ ચેનલમાં,વગેરે અનેક જગ્યાએ અશુદ્ધ જોડણીયુક્ત લખાણ વાંચવા મળે છે.

જો આપણે થોડો પ્રયત્ન કરીએ તો ઘણી સહેલાઈથી સાચું લખી શકીએ તેમ છીએ. પરંતુ આ ક્યારે શક્ય બને ? જો આપણને માતૃભાષા પ્રત્યે માન, સંમાન અને ગૌરવની લાગણી હોય તો જ આપણે તેનું જતન અને સંવર્ધન કરી શકીએ.

ચાલો, આપણે સૌ સાથે મળીને માતૃભાષાને સાચી રીતે પ્રયોજવાનો શુભ સંકલ્પ કરીએ. આ સંકલ્પને સાકાર કરવા અમે 'ભાષા ગૌરવ અને સંવર્ધન અભિયાન' નો પ્રારંભ કર્યો છે. આ અભિયાનમાં આપ સહુના સાથ અને સહકારની અપેક્ષા છે.

'ભાષા ગૌરવ અને સંવર્ધન અભિયાન' દ્વારા ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાને શીખી, સમજીને સાચી રીતે પ્રયોજવા અંગે જાગૃતિ કેળવવાનો ઉદ્દેશ્ય સેવવામાં આવ્યો છે.

'સાચી જોડણી લાગે વ્હાલી' અને 'ભાષા સજ્જતા' નાં સંપાદન દ્વારા જે કાંઇ શીખ્યા છીએ તે ગુજરાતનાં લાખો વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ શીખી શકે તે માટે 'ગુજલિશ' સેમિનાર વિના મૂલ્યે યોજવાનો સંકલ્પ કર્યો છે.

દરેક વ્યક્તિને પોતાની માતૃભાષા પર ગર્વ હોય છે, હોવા પણ જોઈએ મા, માતૃભૂમિ અને માતૃભાષા - આ ત્રણેની લાગણી વ્યક્તિને તેના છેલ્લા શ્વાસ સુધી બાધી રાખે છે આ ત્રણેય એવી બાબત છે જેને યાદ કરવાની જરૂર રહેતી નથી, જે સામાજિક રીતે આપણી સાથે જોડાયેલા હોય છે. આજ બાબતે ૨૧મી ફેબ્રુઆરીએ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાતી ભાષાનું ચિંતન કરીએ.



**રાજેશ ધામેલિયા, શિક્ષક, સુરત**




**ભાષા ગૌરવ અને સંવર્ધન અભિયાન**

જે જન્મતાં આશિષ હેમચંદ્રની પામી,
વિરાગી જીનસાધુઓએ જેને હીંચોળ્યાં મમતાથી પારણાં,
રસપ્રભા ભાલણથી લહી જે નાચી
અભંગે નરસિંહ-મીરા-અખા તણે નાદ ચડી ઉમંગે,
આયુષ્મતી લાડલી પ્રેમ ભટ્ટની,
દઢાયુ ગોવર્ધનથી બની જે,
અચલ કાન્તે દલપત્તપુત્રે તે ગુર્જરી ધન્ય બની
ઋતુંભરા ગાંધીમુખે વિશ્વમાંગલ્યધાત્રી.

—ઉમાશંકર જોષી

# ડિજિટલ લર્નિંગ દિવસ



ડિજિટલ શીખવાની તકનીકો વિદ્યાર્થીઓને સિદ્ધાંતો વધુ ઝડપી અને સંપૂર્ણ રીતે સમજવા માટે સક્ષમ બનાવી શકે છે. સિદ્ધાંતિક અને એપ્લિકેશનને વધુ અનુકુળ રીતે જોડવા અને વધુ સહેલાઈથી શીખવા માટે, સૂચનાત્મક તકનીકોમાં સુધારો કરતી વખતે, પ્રશિક્ષકનો સમયનો ઉપયોગ કરવો અને જ્ઞાનની વ્યાપક વહેંચણીને સરળ બનાવવું.

ડિજિટલ તકનિકીઓ આને નવી અને વધુ સારી રીતે સક્ષમ બનાવશે અને વર્તમાન કલ્પનાની મર્યાદાઓની બહારની શક્યતાઓને બનાવશે.

ડિજિટલ લર્નિંગ કોઈપણ સુચનાત્મક પ્રથા છે જે વિદ્યાર્થીઓનાં શિક્ષણ અનુભવને મજબુત બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરે છે.

ડિજિટલ લર્નિંગનો ઉપયોગ શિક્ષકો માટે વ્યવસાયિક શિક્ષણની તકો માટે અને વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત શીખવાના અનુભવો પ્રદાન કરવા માટે કરી શકાય છે.

ડિજિટલ શિક્ષણમાં ઓનલાઈન અભ્યાસક્રમો, મિશ્રિત અથવા હાઈબ્રિડ શિક્ષણ અથવા ડિજિટલ સામગ્રી અને સંસાધનોનો સમાવેશ થાય છે, જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને સપોર્ટ અને સશક્તિકરણ કરવા માટે ઘણાં જુદા-જુદા પાસા, સાધનો અને એપ્લિકેશન્સનો સમાવેશ થાય છે.

ડિજિટલ લર્નિંગ એડવાન્સમાં શાળા સુધારણા દ્વારા શૈક્ષણિક તકોની પ્રાપ્તિ શિક્ષકો અને સંચાલકોની અસરકારકતા અને ઉત્પાદનકર્તામાં સુધારો, વિદ્યાર્થી-કેન્દ્રીત શિક્ષણ પૂરુ પાડવા અને તમામ વિદ્યાર્થીઓ માટે કારકિર્દીની તૈયારીને નિશ્ચિત કરવા, અને શિક્ષકોને શિક્ષણ ડિઝાઈનર્સ તરીકે માન્યતા આપવી.

કેટલીક શાળાઓ અને કોલેજોએ વિદ્યાર્થીઓ માટેની ડિજિટલ વર્ગખંડ સુવિધા પૂરી પાડી છે.

**ડિજિટલ લર્નિંગ ડે ઉજવણી શા માટે ?**

ડિજિટલ ડિવાઈસના ઘણા નવાં પ્રકારો સાથે, શૈક્ષણિક સોફટવેર અને મોબાઈલ એપ્લિકેશન્સ સતત વિકસિત થાય છે. શૈક્ષણિક ટેકનોલોજીમાં નવીનતમ અને સૌથી મોટી આધુનિકતા સાથે રહેવાનું મુશ્કેલ છે. સમગ્ર દેશમાં કેટલાંક વર્ગખંડ અને આઉટ ઓફ સ્કૂલ પ્રોગ્રામ્સમાં, ટેકનોલોજી સાથે શિક્ષકો ખૂબ સુંદર વસ્તુઓ કરી રહ્યાં છે.

નવીનીકરણની આ કિસ્સા નાની સંખ્યામાં શાળાઓ અને સમુદાયો સુધી મર્યાદીત છે. ડિજિટલ લર્નિંગ ડેને સક્રિય રીતે નવીન પ્રથાઓ ફેલાવવા અને તે ખાતરી કરવા માટે કે તમામ યુવાનો ઉચ્ચ ગુણવત્તાની ડિજિટલ શિક્ષણની તકોનો ઉપયોગ કરે છે. ભલે તેઓ ગમે ત્યાં રહે ત્યાં સુધી તેનો ઉપયોગ કરી શકાય.

વર્ષ ૨૦૧૨માં ડિજિટલ લર્નિંગ શરૂ કરવામાં આવ્યું. ડિજિટલ લર્નિંગ ડે એ શૈક્ષણિક શિક્ષણ પ્રથા પ્રકાશિત કરવા અને નવીનતમ શિક્ષકો અને સૂચનાત્મક તકનીકી કાર્યક્રમો રજૂ કરવા માટે એક શક્તિશાળી સ્થળ પુરૂં પાડ્યું છે. જે વિદ્યાર્થીઓનાં પરિણામોમાં સુધારો કરી રહ્યાં છે. આ ગ્રામ વિસ્તારનાં પ્રયત્નો મોટા પાયે રાષ્ટ્રવ્યાપી ઉજવણીમાં ઉછર્યા હતાં. કારણકે શિક્ષકોને લાગ્યું કે 'ડિજિટલ લર્નિંગ ડે ટેકનોલોજી વિશે નથી, તે શીખવા અંગે છે'

ડિજિટલ લર્નિંગ ડે એ શિક્ષકોને કમ્પ્યુટર કે લેપટોપ્સ સાથે વધારે કામ કરાવવાનો કે તેને વળગી રહેવાનો ડે નથી. તે વર્ગખંડનાં શિક્ષકની ભૂમિકાને વધારવા માટે અને વિદ્યાર્થીને વધુ રસપ્રદ શિક્ષણ આપવા અંગેનો ડે છે. ડિજિટલ લર્નિંગ ડે શાળાઓમાં શીખવાનાં અનુભવને સુધારવા માટે દરેક અન્ય ઉદ્યોગને પૂરા પાડતા આધુનિક સાધનોનાં અસરકારક ઉપયોગને પ્રોત્સાહન આપે છે.

**શીખનારાઓને લાભ (વિદ્યાર્થીઓ) અને શિક્ષકો (શિક્ષકો)**

- ડિજિટલ મૂલ્યાંકન વિદ્યાર્થીઓને તેમની સમજણ પર ઝડપી પ્રતિસાદ આપે છે. જ્યાં વધુ સમજણની સૌથી વધુ જરૂર છે. તેના પ્રયાસો પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે વિદ્યાર્થીઓ અને પ્રશિક્ષકો (જે આ માહિતીને એક્સેસ કરી શકે છે) બંનેને મંજૂરી આપે છે.
- ઝડપી મૂલ્યાંકન, સિમ્યુલેશન, વિઝયુલાઈઝેશન, રમતો, એનોટેશન, ટેકનોલોજી અને બહુવિધ પ્રશિક્ષકો ધરાવતી વિડિયોઝ ખ્યોલોની સંપૂર્ણ સમજણ તરફ એક સમૃદ્ધ શિક્ષણ પર્યાવરણ પુરૂ પાડે છે.
- કોઈની પસંદગીમાં શીખવાની ગતિ વધારવાની ક્ષમતા, માલની સમીક્ષા કરવી અને બીજાને આગળ વધતાં પહેલાં વિભાગ પર મૂલ્યાંકન કરવાની ક્ષમતા નિપૂણતા શીખવા તરફ દોરી જાય છે.
- ગમે ત્યારે, ગમે ત્યાં શીખો વિદ્યાર્થીઓને શાળામાં જ શિક્ષણ મળે છે તેવું નથી. તેમને જ્યારે જ્યાંથી શીખવું હોય ત્યાંથી વિદ્યાર્થી શીખી શકે છે.
- ડિજિટલ લર્નિંગ એવા પ્રશિક્ષકોને ઝડપી પ્રતિક્રિયા આપે છે કે જ્યાં વિદ્યાર્થીઓ સંઘર્ષ (મુશ્કેલી અનુભવી) રહ્યાં છે, શિક્ષકોને વધારાની સુચનાઓ અને સામાન્ય પ્રશ્નોનાં જવાબો આપવા માટેની તકનીક પૂરી પાડે છે.
- ડિજિટલ પ્લેટફોર્મ્સ પ્રશિક્ષકોને વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચવા માટે પરવાનગી આપે છે. ઘણી વાર ઘણા કોન્સેપ્ટ સમજાવવા માટે ખૂબજ ઝડપી અને અસરકારક પ્લેટફોર્મ છે.
- ડિજિટલ શિક્ષણ અન્ય પ્રશિક્ષકો અને સહકર્મીઓ દ્વારા વિકસાવવામાં શ્રેષ્ઠ સામગ્રીનો ઉપયોગ કરીને અભ્યાસક્રમો બનાવવાની પ્રશિક્ષકોને સમર્થન આપે છે. પછી ભલે તે જ વિભાગમાં અથવા અન્ય સંસ્થાઓમાં પણ તેનો ઉપયોગ કરવામાં આવતો હોય.



**હર્ષ સોની**
**શિક્ષક, મોડાસા**



# અક્ષરનું મૂલ્ય શા માટે ?

## અક્ષર સુધારણા એક સઘન પ્રકલ્પ

મહાત્મા ગાંધીજીનાં શબ્દોમાં કહીએ તો 'ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે' તો ખરાબ અને સારા અક્ષરો માટે 'ગડબડીયા' અને 'મોતીનાં દાણા જેવા' અક્ષરો જેવા રૂપકો અને ઉપમાઓ આપીએ છીએ. શિક્ષક વિદ્યાર્થીનું હોમવર્ક ચેક કરે ત્યારે સૂચના લખે છે કે 'અક્ષર સુધારો' 'Make good Writing'તો સારા અક્ષરનું મૂલ્ય આટલું બધુ શા માટે ? અક્ષરો કેમ સુધારી શકાય? વગેરે પ્રશ્નો પર વિદ્યાર્થી મિત્રો.. વાલી મિત્રો થોડું ચિંતન કરીએ..

વિદ્યાર્થીઓને મોટે ભાગે પોતાના શિક્ષકનાં અક્ષરો ગમતા હોય છે. માટે પહેલાં તો શિક્ષકે જ સભાનતા પૂર્વક અક્ષર સારા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને અક્ષર સુધારણાની બાબતમાં પણ 'પાકા ઘડે કાંઠા ન ચડે' એ કહેવત ખોટી પડે, કારણ કોઈ પણ ઉંમરે ચીવટથી પ્રયત્ન કરવામાં આવે અને આ બાબતે 'જાગ્યા ત્યારથી સવાર' માનીને લાગી પડવામાં આવે તો ચોક્કસ સફળતા મળે શિક્ષકે સૌ પ્રથમ પોતાનાં હસ્તાક્ષર સુધારી 'રોલ મોડલ' ની ભૂમિકા ભજવવી પડે

**શું કરી શકાય?**

સૌ પ્રથમ બોર્ડ પર વર્તુળ○ અને △ત્રિકોણ દોરી વિદ્યાર્થીઓને પૂછો, કે આમાંથી ક્યો આકાર ગુજરાતી મૂળાક્ષરોને અને ક્યો આકાર અંગ્રેજી મૂળાક્ષરો સાથે બંધ બેસતો આવે છે? તરત જ જવાબ મળશે કે ગુજરાતીમાં ○અને અંગ્રેજીમાં △બંને ભાષામાં તમે જેટલો આ આકાર સારો કરી શકો એટલા સારા અક્ષરો હોય.

ગુજરાતી ભાષા હંમેશા લીટી નીચે જ લખો. દેવનગરી લિપિ સંસ્કૃત અને તેના પરથી ઉતરી આવેલી બધીજ ભાષાઓ હંમેશા લીટી નીચે જ લખાય. જ્યારે રોમન લિપિ જ લીટી ઉપર લખવામાં આવે છે.

છાપેલા અક્ષરો જેમ સીધાજ હોય છે. તેવી રીતે અક્ષરોને હંમેશા લીટી નીચે સીધા ઉભા રાખવા જોઈએ. અક્ષરોનું કદ લીટીનો પોણો ભાગ રોકે એવડું હોવું જોઈએ. અને બે શબ્દો વચ્ચે સામાન્ય રીતે એક અક્ષર જેટલું અંતર રાખવું જોઈએ. ફકરો પાડો ત્યારે પાંચ અક્ષરનો એક શબ્દ જેટલી જગ્યામાં સમાય એટલી જ જગ્યા છોડો તેનાથી ઓછી કે વધારે નહીં. આ અંતર લખાણનાં બધા પાનામાં જળવાવું જરૂરી છે.

- દેવનાગરી લિપિમાં આવતા દંડ (ઉભા લીટા) ગુજરાતીમાં પણ આવે છે. આવા દંડ હંમેશા સીધાજ કરો. અક્ષરનાં કદ સાથે તેનું કદ પણ જળવાવું જોઈએ. ગુજરાતી મૂળાક્ષરોમાં આવતાં વર્તુળો પોલા કરો તો અક્ષરો મરોડદાર બનશે.
- અમૂક વિદ્યાર્થી અક્ષરોને બિન જરૂરી રીતે મરોડે છે. આમ કરવાથી આપણી લખવાની ગતિ ધીમી પડી જાય છે.
- કોઈપણ વિદ્યાર્થીને શિક્ષક તરફથી હકારાત્મક પ્રોત્સાહન મળતું રહે તો અક્ષર સુધારણામાં બહું ઉપયોગી થાય. વિદ્યાર્થીની હાજરીમાં તેમના અક્ષરોનાં વખાણ કરો.
- વિદ્યાર્થીઓને ફાવે તો જાડા- સાદા પોઈન્ટ વાળી પેન્સિલ અથવા પેનથી લખવાનો આગ્રહ રાખો.
- જે હાથ ઘણ લઈને પથ્થર તોડી શકે છે એજ હાથ સુંદર મરોડદાર અક્ષરો પાડી શકે. સંસ્કૃત સુભાષિત "कठोराणि व्रजादपि कोमलानि कुसुमा दायि"

ઉપરોક્ત સુચનો ધ્યાનમાં રાખી Every dayપાંચ લીટીનો ફકરો ૧૦ Minuteમાં લખાય એટલી ધીમી ગતિથી લખો. ધીરે ધીરે ઝડપ વધારો ત્રણ માસ સુધી સતત કરશો તો અવશ્ય ત્રણ માસને અંતે ખૂબજ સરસ પરિણામ મળશે.

વિદ્યાર્થી મિત્રોને પ્રશ્ન થાય છેકે પરિક્ષકને ઉકલે એવા અક્ષર હોય તો શું વાંધો? માર્કસનો આધાર તો સાચા-ખોટા પર હોય છે? અક્ષર પર થોડો હોય છે? અને મોટા થઈને તો કોમ્પ્યુટર પર જ કામ કરવાનું હોય છે? વાત તમારી મિત્રો સાચી છે પણ પરિક્ષકને દરરોજ ખૂબજ ઓછા સમયમાં વધારે Answer Paper તપાસવાનાં હોવાથી સારા અક્ષર પરિક્ષકનું કામ થોડું સરળ કરી આપે છે. બાકી તો ગમે તેવું લખ્યું હોય પણ અક્ષર સારા ન હોય તો તમારૂ પેપર 'એવરેજ' માર્ક મેળવીને અંધારા ઓરડામાં જતું રહેવાનું



વિદ્યાર્થી મિત્રો તમારૂ સાચુ ઘરેણું સારા અક્ષર છે. તમારે તમારૂ કિંમતી ઘરેણું જાળવી રાખવું જોઈએ. આ સઘન પ્રયત્નમાં જોડાવ, જરૂરથી સફળતા મળશે.

**સથવારા નિમિષા,** આચાર્ય, અમદાવાદ

---

**ગિરિજાશંકર ભગવાનજી બધેકા (ગિજુભાઈ, મૂછાળી મા. વિનોદી)**



**જન્મ તારીખ:** ૧૫-૧૧-૧૮૮૫
**જન્મ સ્થળ:** ચિત્તળ
**અભ્યાસ:** મેટ્રીક, ડિસ્ટ્રીક્ટ હાઈકોર્ટ વકીલ
**પ્રવૃત્તિ:** વકીલાત, અધ્યાપન
**વિશેષ નોંધ:** ૧) બીજા મોન્ટેસરી સંમેલનના પ્રમુખ: ૧૯૨૮
૨) રણજિતરામ સુવર્ણચંદ્રક, શ્રેષ્ઠ બાલ સાહિત્ય માટે: ૧૯૩૦

**કૃતિઓ**

**શિક્ષણશાસ્ત્ર:** મોન્ટેસરી પદ્ધતિ, વાર્તાનું શાસ્ત્ર ભા. ૧-૨, બાલ શિક્ષણ મને સમજાયુ તેમ, પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષણ, પ્રાથમિક શાળામાં શિક્ષણ પદ્ધતિઓ, પ્રાથમિક શાળામાં ચિઠ્ઠીજાચન, પ્રાથમિક શાળામાં શિક્ષણ, પ્રાથમિક શાળામાં કારીગરીનું શિક્ષણ, હાલતા ચાલતા, મા-બાપોને આ તે શી કઈ માથફોડ, મા-બાપ થવુ આકરૂ છે, શિક્ષક હો તો, મા-બાપના પ્રકારો, નવા વિચારો, વાર્તા કહેનારને.

**બાળસાહિત્ય:** કિશોર સાહિત્ય ભા.૧-૬, બાલસાહિત્યમાળા, બાલસાહિત્યગુચ્છ, બાલસાહિત્ય, જંગલસમ્રાટ ટારઝનની અદભૂત કથાઓ ભા.૧-૧૦

**ચિંતન:** પ્રાસંગિક મનન, શાંત પળોમાં

---

## પુસ્તક પરિચય

# પ્રાથમિક શાળામાં શિક્ષક



**પુસ્તકનું નામ:** પ્રાથમિક શાળામાં શિક્ષક
**લેખક:** ગીજુભાઈ બધેકા
**પ્રકાશન:** નૂતન બાલ શિક્ષણ સંઘ, ભાવનગર શાખા

આ પુસ્તકની પ્રસ્તાવનામાં ગિજુભાઈએ કહ્યું છે કે 'મારી શ્રદ્ધા છે કે જો આપણે શિક્ષકો દસ વર્ષ સુધી એકધારી શિક્ષણની ઉપાસના કરીશું તો આપણે આપણાં દેશમાં એક નવો યુગ લાવી શકીશું. આપણામાં વિશ્વાસ અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખી આપણે આપણા કદમ ઉપાડીએ આગળ વિજય છે'

શરૂઆતમાં ગિજુભાઈએ તૈયાર થાઓ એમ કહી ગામડાનાં શિક્ષક, સમાજ પાસે શિક્ષકની અપેક્ષાઓ, વિદ્યાની ઉપાસના, શિક્ષકનાં કર્તવ્યો, વગેરેની સુંદર સમજૂતી આપી છે. અનુક્રમે જોઈએ તો મુખ્ય ૬ (છ) વિભાગો છે.

(૧)આદર્શ (૨)કર્તવ્ય (૩)ચારિત્ર્ય (૪) ગામડાનો શિક્ષક (૫)શિક્ષકની તંદુરસ્તી (૬) પ્રકીર્ણ

પહેલા આદર્શનાં વિભાગમાં ગિજુભાઈએ અત્યારનાં શિક્ષકોએ શુ કરવાનું છે ? એની સમજ આપી છે. શિક્ષક એક જ્ઞાતિ છે. શિક્ષક કેવો હોવો જોઈએ? શિક્ષકનાં ધંધાનું મહત્વ શું છે ? કોણે શિક્ષક થવું ? શિક્ષણ શાસ્ત્રનાં અભ્યાસની જરૂર અને ધંધાનાં જ્ઞાનની જરૂર, દેશ પર આવેલી મુશ્કેલીઓ, શિક્ષણની ઉપાસના વગેરે મહત્વની વાતો નિખાલસ રીતે કરી છે.

બીજા કર્તવ્ય વિભાગમાં આપણા બાલમંદિરો અને તેનાં ચિત્ર, શિક્ષકો શું વધુ સારૂ કરી શકે, સ્વચ્છતાની કેળવણીની વાત, અક્ષર જ્ઞાનનો મોહ નાના નાના બાળકો માટે શિક્ષકે ન રાખવો. લાલચથી દૂર રહેવાની વાત,શિક્ષકનાં ધંધાનું પાકું જ્ઞાન, બાળકો પ્રત્યે પ્રેમ અને નિષ્ઠાની વાત ગિજુભાઈએ કરી છે. એક શિક્ષકની કબુલાત કેવી હોય ? વગેરેની વાત સરસ રીતે કરી છે.

ત્રીજા વિભાગ ચારિત્ર્યમાં શિક્ષકોને પોતાનો ધંધો ખીલવવાની વાત, શિક્ષકે પંતૂજીવેડા છોડવાની સલાહ પણ ગિજુભાઈએ આપી છે.

ચોથા વિભાગ ગામડાનાં શિક્ષકને કરવા જેવા કામની વાત સમજાવી છે. નવરાશનાં સમયે શિક્ષકે કરવા જેવા કામ, શિક્ષકની અધ્યાપન પદ્ધતિ વગેરેની વિગતો આપી છે.

પાંચમા વિભાગમાં શિક્ષકનો ઘાંટો, શિક્ષકની તંદુરસ્તીની વાત કરી છે. ધીમા અવાજે શાંતિથી કામ કરવાની કળા, જાત પર કાબુ મેળવવાની સમજણ આપી છે. શિક્ષકનો ઘાંટો ઘોંઘાટને દાબે છે પણ શાંતિને કેળવતો નથી. શાંતિ જ માત્ર શાંતિને ઉત્પન્ન કરે છે.

છઠ્ઠા અંતિમ વિભાગમાં શિક્ષક પોતાના પગ પર ઉભો રહે. નીચલા ધોરણનાં શિક્ષકે શું કરવું ? ટ્યૂશન પ્રથાની બદી દૂર કરવી, છોકરાને પાસ કરાવી દેવાની લાલચ, આ બધુ શિક્ષણ માટે બહુ હાનિકારક છે. શિક્ષકોએ ટ્યૂશનની બદીમાંથી આપણી જાતને, છોકરાઓને અને માં- બાપને મુક્ત કરવાની સમજ આપી છે. શિક્ષકો વાંચનાલયમાંથી પુસ્તકો વાંચવા જોઈએ. અંગત ખર્ચમાંથી બચત કરીને પણ પુસ્તકો વાંચવા જોઈએ. સુંદર પુસ્તકો અને સુંદર પત્રો પ્રેરણા આપે છે. તદુઉપરાંત બાલ્યાવસ્થામાં ભાવિ ઘડતરની ટોલ્સટોયની વાત સમજાવી છે. અંતમાં ગિજુભાઈએ બાલ્યાવસ્થા જીવન ઘડતરનો પાયો છે. આ વાતને સમજાવી વાંચકો સમક્ષ મૂકી છે.

આ પુસ્તક દરેક પ્રાથમિક શિક્ષકે વાંચવું જોઈએ. કારણકે આ પુસ્તક ગુજરાત રાજ્યનાં દરેક શિક્ષકને અધ્યાપન પદ્ધતિ, શાળાનું વાતાવરણ, શિક્ષક સામે આવતા ભાવિ પડકારોને ઝીલવાની તાકાત આપે એવું છે. મે ત્રણ વાર આ પુસ્તક વાંચીને બાળકોનાં મનોભાવો વિશે હૃદયમાં બાલ્યાવસ્થાનાં પ્રસંગો જાગ્રત થયા છે. ગિજુભાઈની પયગંબરી વાણી અને કેળવણીનાં અનુભવો શિક્ષકોને આ પુસ્તકો વાંચવાથી ઉર્જા અને પ્રેરણા મળશે. શિક્ષકોને ગિજુભાઈનાં બાલ ઘડતરનાં અનુભવો શાળા જીવનમાં ખૂબજ ઉપયોગી થશે તે વાતમાં મને પૂરેપૂરી શ્રદ્ધા અને વિશ્વાસ છે.

જયતુ પુસ્તકમ્
જયતુ જીવનમ્



**પ્રવિણ કે. મકવાણા**
આચાર્ય, ભાવનગર

**વૈધાનિક સુચના:** ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

# એક અનોખું પક્ષી પરપલ સનબર્ડ



ભારત વિવિધ પ્રકૃતિક સૌદર્યનો ખજાનો ધરાવતો દેશ છે. કુદરતની આ અણમોલ સંપત્તિમાં નદી, પહાડો, ઘાસનાં ખુલ્લા વિશાળ મેદાનો, ગાઢ જંગલો અને ગાઢ જંગલોમાં વસતા અમૂલ્ય વન્ય જીવો, આપણે વિકાસની આંધળી દોટની પાછળ આ વન્ય જીવોને ભુલતા જઇ રહ્યાં છીએ. તેમાંય રંગબેરંગી પક્ષીઓની જ્યાં વાત કરીએ તો એક જોઈએ અને બીજા ભુલીએ તેવા ખુલ્લા આકાશમાં વિચરતા પક્ષીઓ આપણી વચ્ચે છે. બસ તેમને એક નજર ઉઠાવીને જોવાની જરૂર છે. આવીજ એક પ્રજાતિનું સુંદર મજાનું નાનકડું પક્ષી પણ આપણાં વચ્ચે ઘણીવાર વિચરતું જોવા મળે છે.

આમ તો તે ફુલોની આસ-પાસ વધુ જોવા મળી જાય છે. અને ફુલોની આસ-પાસ મંડરાતું હોવાથી ઘણાં લોકો તેને હમીંગબર્ડનાં નામે ઓળખે છે. પણ સાચી હકીકતે હમીંગબર્ડ ભારતમાં ક્યાંય જોવા મળતું નથી. આ હમીંગબર્ડ જેવું દેખાતું પંખીનું સાચું નામ સક્કરખોરો એટલે કે (પરપલ સનબર્ડ) છે. કદમાં તે ચકલી કરતાંય ઘણું નાનું છે. તે તેનાં સંપૂર્ણ જીવનકાળ દરમ્યાન માત્ર ફુલોનાં મધુ પર જ નિર્ભર રહે છે.

આમ તો આપણાં ગુજરાતમાં સનબર્ડની બે પ્રજાતિઓ વધુ પ્રમાણમાં જોવા મળે છે. (પરપલ સનબર્ડ, રમ્પડ સનબર્ડ) સક્કરખોરો અને પચરંગી સક્કરખોરો પચરંગી સક્કરખોરો આમ તો ગાઢ ઝાંડીવાળા વિસ્તારોમાં ક્યારેક ક્યારેક જોવા મળી જાય છે. પણ સક્કરખોરો (પરપલ સનબર્ડ) તો જાણે કે, હવે આપણાં ઘર આંગણાનું પક્ષી બની ગયું છે. તેનું નામ પણ તેના ચમકદાર રંગનાં કારણે જ કદાચ પડ્યું હશે. તેની પર સૂર્યની કિરણો પડતાં જ અદ્ભૂત રીતે તે ચમકી ઉઠે છે. તેનો કાળો રંગ તો માત્ર છાયામાં જ દેખાય છે. સાચી હકીકતે તે પરપલ રંગનું હોય છે. જેવું તે સૂર્યનાં કિરણોમાં આવે છે. ત્યારે તો અદ્ભૂત રંગોની છટા તેના પર વિખેરાય છે. તેની માદા (ફિમેલ) આછા પીળાશ પડતા રંગની હોય છે. પરંતુ બન્નેને જ્યારે એક સાથે જુઓ તો નર સક્કરખોરો (મેલ) જ આપણી આંખોને ગમી જાય. તેનો નેસ્ટીંગ સમય વસંતઋતુથી જ શરૂ થાય છે. એટલે કે ફેબ્રુઆરીથી લઇ લગભગ જુન સુધી ચાલે છે. કેમકે તે સમય દરમિયાન ફુલો ખીલવાની સારી મૌસમ હોય છે.

તે સમય દરમિયાન આ પક્ષી પોતાનો માળો બનાવવાની શરૂઆત કરે છે. તેનો માળો જાણે કે કોઇ કચરાનો ઢગલો હોય તેવો લાગે છે. તેમાં તે સુકા પાંદડા અને કરોળિયાની જાળનો ઉપયોગ કરે છે. અને નાના છોડ, તાર કે વાયર જેવી જગ્યાએ લટકતી સ્થિતિમાં બનાવે છે. અને માળાની અંદરની બનાવટ એટલી જ સરસ મજાની હોય છે. કે જ્યારે તેનાં બચ્ચા માટે મલમલ પાથરયું હોય, તે માળામાં બે થી ત્રણ આછા પીળાસ પડતાં ચિકણી ટપકાંવાળા બે થી ત્રણ ઈંડા મૂકે છે. અને પંદરથી સત્તર દિવસમાં તેનાં બચ્ચાં ઈંડાની બહાર આવે છે.

એનાં બચ્ચાંને તેનાં માતા-પિતા બંન્ને ફુલોની મધુ ખોરાક તરીકે આપે છે. ફુલોનો રસ એ પચવામાં ખૂબજ અઘરો હોય છે. બીજા પક્ષીઓ માંસાહારી હોય છે. પણ તે માંસ પચવામાં સરળ છે. જ્યારે ફુલોનો રસ પચાવવો ખૂબજ કઠિન કામ છે.

પણ આ નાનકડા પક્ષીને કુદરતે તેની પણ દેન આપેલી છે. કે તેઆ ફુલોનાં અલગ-અલગ મધુને સરળતાથી પચાવી શકે છે. તેનાં બચ્ચાં પણ સમયાંતરે મોટા થઇ માળો છોડી જતાં રહે છે. જેમ વસંતઋતુમાં ફુલો ખિલી ઉઠે છે. તેમ આ પંખીનો રૂપ રંગ વસંતમાં સંપૂર્ણ ખિલી ઉઠે છે.

કુદરતે બનાવેલ પંખીઓની આ દુનિયામાં આ પંખી પણ ખરેખર અદ્ભૂત છે.



**બર્ડ વોચર**
**A.A.R.T.I**
**Adventure Campsite**

# ઓનલાઇન કોમ્પ્યૂટર હેકિંગથી બચવાનાં ઉપાય

આજનાં ટેકનોલોજી યુગમાં હેકિંગએ સામાન્ય બાબત બની ચૂકી છે. અવાર નવાર વિવિધ રીતનો ઉપયોગ કરીને કોમ્પ્યૂટર હેક કરીને છેતરપીંડી કરવામાં આવે છે. જો કે આજની યુવાપેઢીને પણ હેકિંગનો જાણે ચસ્કો લાગ્યો છે. તેઓ વિવિધ રીતનો ઉપયોગ કરીને જી-મેઇલ, ફેસબુક, વોટસએપ વગેરે પ્રકારની વેબસાઈટ કે એપ તેમજ કોઇના વાઇ ફાઇ કે મોબાઇલ નેટવર્કને ક્યાં પ્રકારે હેક કરી શકાય તે જાણવાની ઉત્સુકતા ધરાવે છે. આજ કારણથી ગુગલ અને યુટ્યુબ પર આ બાબતે સર્ચ કરતાં ગણ્યાં ગણાય નહીં અને જોવા જોવાય નહીં તેટલા અઢળક વિકલ્પો ઉપલબ્ધ બની જાય છે. કમ્પ્યૂટરની મદદથી ઇ-મેઇલ, સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સ, ઓનલાઇન બેકિંગ પ્રકારની અનેક અંગત બાબતોનો ઉપયોગ કરવામાં આવે છે. જો કોમ્પ્યૂટરને હેક કરી લેવામાં આવે તો તેમાં ઉપલબ્ધ અંગત ડેટાનો દુરુપયોગ થવાની પૂરેપૂરી શક્યતાઓ છે. જો કે આ તમામ પ્રકારનું હેકિંગ અપરાધ બને છે. વળી, અદ્યતન ટેકનોલોજીનાં કારણે આ પ્રકારનાં હેકર્સની શોધ કરવી સરળ બની શકે છે. અમુક ખાસ પ્રકારનાં ઉપાય અજમાવવા માત્રથી હેકિંગથી બચી શકાય છે, તો થઇ જાવ તૈયાર હેકિંગથી બચવાનાં ઉપાય જાણવા માટે...

કોમ્પ્યૂટરમાં ઉપલબ્ધ અનેક પોગ્રામ કે એપ્લિકેશનને ચલાવવા માટે જાવા સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવે છે. જાવામાં રહેલી ખામીઓનાં આધારે હેકિંગ શક્ય છે. આ પ્રકારની ખામી જોવા મળતાં જ જાવા દ્વારા તેનાં અપડેટ્સ રજૂ કરવામાં આવે છે. તો સમાયાંતરે કમ્પ્યૂટરમાં રહેલાં જાવા પોગ્રામને અપડેટ કરવો જોઇએ. જાવા પોગ્રામની સુરક્ષા વિશેની માહિતી અને જાવાનાં અદ્યતન અપડેટ્સને મેળવવા માટે https://java.com/en/download લિંકનો ઉપયોગ કરી શકાય છે.



- કોમ્પ્યૂટરમાં એનિમેશન આધારિત બાબતો માટે ફ્લેશ પ્લેયરનો ઉપયોગ કરવામાં આવે છે. તેનાં માધ્યમ વડે પણ હેકિંગની શક્યતાઓ રહેલી છે. તેને અપડેટ રાખવામાં આવે તો આ હેકિંગની સમસ્યાથી બચી શકાય છે. ફ્લેશ પ્લેયરનાં અદ્યતન અપડેટ્સ મેળવવા માટે https://get.adobe.com/fleshplayer લિંકનો ઉપયોગ કરી શકાય છે.
- કમ્પ્યૂટરમાં ઉપલબ્ધ બ્રાઉઝરને પણ નિયમિત રીતે અપડેટ કરવું જરૂરી છે. જો કે આજકાલ બ્રાઉઝર આપમેળે અપડેટ થાય તે પ્રકારનાં સેટિંગ્સ ઉપલબ્ધ હોય જ છે. જો કે Settingsમાં ઉપલબ્ધ Help અને Update વિકલ્પ વડે બ્રાઉઝરને અપડેટ કરી શકાય છે.
- આપણે જાવા, ફ્લેશ અને બ્રાઉઝરને અપડેટ કરવાની વાત કરી રહ્યાં છીએ, પરંતુ કોમ્પ્યૂટરમાં રહેલી ઓપરેટીંગ સિસ્ટમ અને તેમાં ઉપલબ્ધ સોફ્ટવેરને પણ અપડેટ કરવા જરૂરી બને છે. કમ્પ્યૂટરની સંપૂર્ણ સુરક્ષા માટે ઓપરેટીંગ સિસ્ટમ અને સોફ્ટવેરને અપડેટ કરવા જરૂરી બને છે.
- જો તમે વિન્ડોઝ ઓપરેટીંગ સિસ્ટમનો ઉપયોગ કરતાં હોય તો વિન્ડોઝ ફાયરવોલને એક્ટિવ રાખો. ફાયરવોલ બહારનાં નેટવર્કની ઘુસણખોરીને અટકાવે છે. કમ્પ્યૂટરમાં Control Panelમાં ઉપલબ્ધ Windows Firewall વિકલ્પ વડે તેને Active કરી શકાય.
- અજાણી કે અસુરક્ષિત વેબસાઇટ પર જવાનું ટાળવું જોઇએ. ઘણી વખત લાલચ આપતી ઓફર કે આકર્ષણ સ્વરૂપની જાહેરાત ધરાવતી લિંક પર કલિક કરવાથી અસુરક્ષિત વેબસાઇટ પર પહોંચી જવાય છે. જેના દ્વારા હેકિંગ થવાની શક્યતા રહેલી છે. ઘણી વખત આ પ્રકારની અસુરક્ષિત સાઇટ પર જવાથી કોમ્પ્યૂટરમાં ઇન્સ્ટોલ કરેલાં એન્ટિવાઇરસ પોગ્રામ દ્વારા ચેતવણી પણ આપવામાં આવે છે.
- Proxy અને VNP નાં ઉપયોગ દરમિયાન યુઝરનેમ, પાસવર્ડ તેમજ અન્ય અંગત બાબતો દાખલ ન કરવી હિતાવહ છે. આ પ્રકારના Proxy અને VNP નો ઉપયોગ કરીને બ્લોક કરેલી વેબસાઇટ પર સરળતાથી પહોંચી શકાય છે, પરંતુ તેમાં દાખલ કરવામાં આવતી તમારી અંગત બાબતો તમારા કમ્પ્યૂટરને અસુરક્ષિત કરી શકે છે.
- કોઇપણ અજાણી વેબસાઇટ પરથી સોફ્ટવેર ડાઉનલોડ ન કરવા જોઇએ. ઘણી વખત મફતમાં સોફ્ટવેર ડાઉનલોડ કરવાની લાલચમાં આપણે અંગત માહિતી દાખલ કરીને પણ તે સોફ્ટવેરને ડાઉનલોડ કરવા માટે પ્રયત્ન કરીએ છીએ, જે સરવાળે આપણને નુકશાન કરી શકે છે. સોફ્ટવેરને તેની અધિકૃત વેબસાઇટ પરથી જ ડાઉનલોડ કરવામાં આવે તે ઇચ્છનીય છે.
- તમારા વેબ બ્રાઉઝરમાં અજાણ્યા કે અવિશ્વસનીય પ્લગ-ઇન કે એડઓન્સ ઇન્સ્ટોલ ન કરવા જોઇએ. ઘણી વખત વિવિધ પ્રકારની સુવિધાઓ મેળવવા માટે આપણે પ્લગ-ઇન કે એડઓન્સ ઇન્સ્ટોલ કરતાં હોઇએ છીએ, પરંતુ સાવધાન!!!વેબબ્રાઉઝરમાં ઉપલબ્ધ આ પ્રકારના પ્લગ-ઇન કે એડઓન્સની મદદથી તમારી ઓનલાઇન ગતિવિધિઓને ખૂબજ સરળતાથી નોંધી શકાય છે. અને તેનો દુરપયોગ થઇ શકે છે.
- કોમ્પ્યૂટરમાં લાઇસન્સ વર્ઝન ધરાવતું સારૂં એન્ટિવાઇરસ સોફ્ટવેર ઇન્સ્ટોલ કરવું જોઇએ. એન્ટિવાઇરસ પ્રોગ્રામ તમારા કમ્પ્યુટરને ઘણે ખરે અંશે હેકિંગથી બચાવે છે. વળી, એન્ટિવાઇરસ પોગ્રામને નિયમિત રીતે અપડેટ કરવું પણ તેટલું જ જરૂરી છે. કમ્પ્યૂટરમાં પેન ડ્રાઇવ પ્રકારનાં સ્ટોરેજ ડિવાઇસનો ઉપયોગ કરતાં પહેલાં તેને સ્કેન કરી લેવું હિતાવહ છે.
- અજાણ્યા ઇ-મેઇલ કે સ્પામ પરથી આવતાં એટેચમેન્ટ કે લિંકને ઓપન કરવામાં ન આવે તે જરૂરી છે. આ પ્રકારની કામગીરી કરવાથી કમ્પ્યૂટરને નુકશાન થવાની શક્યતાઓ રહેલી છે.
- ઓન લાઇન બેંકિંગ પ્રકારની વેબસાઇટનો ઉપયોગ કરતાં અગાઉ તેનું URL httpsએટલે કે વેબસાઇટનું નામ ચકાસી લેવું. આજકાલ ફિશિંગ એટલે કે ભળતાં નામ ધરાવતી વેબસાઇટનો ઉપયોગ કરીને પણ છેતરપીંડી કરવામાં આવે છે. અહીં, ખાસ ધ્યાન રાખવું કે ઓનલાઇન બેંકિંગ કે ઓનલાઇન ખરીદી પ્રકારની વેબસાઇટ કે જેમાં નાણાંકીય વ્યવહાર કરવામાં આવતો હોય તેવી વેબસાઇટની શરૂઆતમાં htp ની જગ્યાએ https હોય છે.
- ઓપન કે અસુરક્ષિત પ્રકારનાં વાઇ-ફાઇનો ઉપયોગ કરવામાં ન આવે તે જરૂરી છે. ઘણી વખત ઉપયોગ કર્તા મફતમાં વાઇ ફાઇ ઉપલબ્ધ થતાં જ તેનો ઉપયોગ કરવા લાગે છે. જેમાં તમારા મોબાઇલમાંથી અંગત ડેટા ચોરી લેવામાં આવે તેવું પણ બને. વળી, આ પ્રકારનાં ઓપન વાઇ ફાઇ નેટવર્કનો ઉપયોગ કરીને નેટબેંકિંગ તેમજ ઓનલાઇન ખરીદી પ્રકારની અંગત બાબતોનો ઉપયોગ કરવો જોખમી બની શકે છે.
- સુરક્ષિત અને મજબુત પાસવર્ડનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. ડિક્ષનરીમાં ઉપલબ્ધ શબ્દને પાસવર્ડ સ્વરૂપે ન રાખવો જોઇએ. પાસવર્ડમાં કેપિટલ-સ્મોલ આલ્ફાબેટ, ન્યુમરિક અંક અને સિમ્બોલનું મિશ્રણ હોય તે જરૂરી છે. વળી, દરેક વેબસાઇટ કે લોગઇન માટે એકજ પાસવર્ડની જગ્યાએ અલગ-અલગ પાસવર્ડ રાખવામાં આવે તે જરૂરી છે. અન્યથા એક પાસવર્ડ હેક થતાં જ દરેક એકાઉન્ટ હેક થવાની શક્યતાઓ રહેલી છે.

આજ પ્રકારની ટેકનોલોજીને લગતી બાબતો સાથે ટેકનોલોજીની દુનિયા હેઠળ The Open Pageનાં માધ્યમથી ફરી મળીશું, નવા વિચાર અને નવી ટેકનોલોજીને લગતાં મુદ્દા સાથે..

અને હા.. આપના અમૂલ્ય સુચનો The Open Pageનાં માધ્યમ થકી મોકલતાં રહેશો..



**તેજસ ઠક્કર**
**IT EXPERT**
www.tejasthakkar.com

ખુશી ત્યારે મળશે જ્યારે તમે જે વિચારો છો, જે કહો છો, અને કે કરો છો, અને એ તમારી સંવાદિતામાં હોય **-મહાત્મા ગાંધી**

# કાગડો અને મોર



એક ગામ હતું. ત્યાં એક તળાવ હતું. તળાવની પાસે એક વિશાળ વૃક્ષ હતું. વૃક્ષ પર કાગડો રહેતો હતો. અને ત્યાં ખુલ્લું મેદાન હતું. મેદાનમાં મોર રહેતો હતો. એકવાર મોર તળાવમાં પાણી પીવા આવ્યો, ત્યારે ચોમાસુ હતું. ચોમાસામાં મોર કળા તો કરતો જ હોય તો મોરને ખબર પડી કે પાંચ કલાક પછી વરસાદ આવવાનો છે.

તો મોર કળા કરવા લાગ્યો. થોડીક વાર પછી મોર થોભ્યો અને દાણા ચણવા લાગ્યો. ત્યારે કાગડો કા – કા કરતો હતો. મોર બોલ્યો, 'એ કાગડા! તારો અવાજ કેટલો ખરાબ છે અને તુ કેવો કાળો-કાળો મને તો, તને જોતા જ એમ થાય કે ભગવાને કેવુ ખરાબ રૂપ આપ્યું છે' કાગડો કંઇ ન બોલ્યો મોરે તો હદ કરી દીધી તેણે ત્રણ ચાર દિવસ કાગડાનું અપમાન કર્યું. એકવાર મોર પાછો ત્યાં આવ્યો અને એજ કહેતો હતો જે પહેલા દિવસે કહ્યું હતું. કાગડો કાંઇ ન બોલ્યો.

એકવાર વાવાઝોડું આવ્યું મોરનો વજન ભારે તે ઉડી શકે નહીં. કાગડાનો વજન હલકો તેને જ્યાં જવું હોય ત્યાં તે જાય મોર ઉડી શકતો ન હતો. અને કાગડો મોરને કહે 'ચાલ મારી સાથે' અને તે સાથે લઇ બન્ને વાવાઝોડાથી બચ્યાં વાવાઝોડું ગયા બાદ ૨ દિવસ પછી મોર કાગડાને કહે 'મને માફ કરો, મારી ભૂલ થઇ, તુ કેટલો સારો મેં તારુ અપમાન કર્યું તો પણ તે મારો જીવ બચાવ્યો, હુ તારો આભારી છુ' (કાગડો મોરને માફ કરે છે)

**બોધ : આપણે કોઇનું અપમાન ન કરવું જોઇએ પછી આપણે જ પસ્તાઇએ છીએ. આપણે બહારથી નથી જોવાનું અંદરથી મનથી સમજવાનું હોય છે. અને આપણે કાગડાની જેમ મદદ કરવી જોઇએ.**



ગુલશને મહેર સ્કૂલ, અમદાવાદ





મહારાણા પ્રતાપ પ્રા.શાળા-૨૭૨, સુરત

## વિવિધ શાળાઓમાં કરવામાં આવી ૬૯માં પ્રજાસત્તાક દિનની ઉજવણી

જુદી જુદી શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા ૬૯માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં ઝંડારોહણ કરવામાં આવ્યું અને ત્યારબાદ વિવિધ સાંસ્કૃતિક અને નાટકોનું પ્રદર્શન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓએ હોંશેહોંશે ભાગ લઇ પોતાની દેશ ભક્તિ પ્રદર્શિત કરી. સમગ્ર પ્રોગ્રામ દરમિયાન સૌએ શાંતિ પૂર્વક શાળા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું.



## અભિનંદન




હરેકૃષ્ણ મંદિર દ્વારા આયોજિત 'ગીતા ફેસ્ટ' (ભાગવત્ ગીતા શ્લોક) હરીફાઇમાં ત્રિપદા હાઇસ્કૂલના ધોરણ ૫થી ૯ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં લગભગ ૨૫ શાળાના ૯૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી ત્રિપદા હાઇસ્કૂલની ધોરણ-૯ની વિદ્યાર્થીની રથવી આયુષીને પ્રથમ ઇનામ પ્રાપ્ત થયેલ છે. તેને પારિતોષિક અને સર્ટીફિકેટથી નવાજવામાં આવેલ છે.

## આંગણકા શાળામાં શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું





ભાવનગર જીલ્લાનાં મહુવા તાલુકાની આંગણકા શાળામાં શિયાળુ રમતોત્સવ અંતર્ગત ચાંદલા ચોટ, લીંબુ ચમચી, કોથળા દોડ, લોટ કુંકણી, બટાટા પકડ, ફુગ્ગા ફોડ, દોડ, લંગડી, ખો ખો વગેરે જેવી દેશી રમતો બાળકોને રમાડવામાં આવી હતી. આંગણકા શાળા આચાર્યએ બાળકોને દેશી રમતો અને શિયાળામાં શારિરીક સ્વાસ્થ્ય માટે રમત ગમત અને કસરત વિશે બાળકોને સમજ આપી હતી. શાળાનાં આચાર્ય અને શિક્ષક ગણ દ્વારા વિજેતા બાળકોને આગામી વાર્ષિકોત્સવ અને પ્રજાકસત્તાક દિને શાળા અને ગ્રામ પંચાયત દ્વારા ઇનામો આપવામાં આવ્યા.

## જીવનશાળા – આંબરડીમાં "ભાષા સજ્જતા સેમિનાર" યોજાયો





રાજકોટ જીલ્લાનાં જસદણ તાલુકામાં આંબરડી ગામે આવેલ જીવનશાળામાં 'ભાષા સજ્જતા સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૯ થી ૧૨ નાં ૮૪૫ જેટલાં વિદ્યાર્થીઓ-બહેનોએ ભાગ લીધો હતો. ભાષા ગૌરવ અને સંવર્ધન અભિયાનનાં આયોજક ટ્રેનર શ્રી રાજેશ ધામેલિયાએ ગુજરાતી-અંગ્રેજી ભાષાની જોડણીનાં નિયમો ખૂબ રસાળ શૈલીમાં સમજાવ્યાં હતાં. વાર્તા અને અસરકારક ઉદાહરણો દ્વારા વિદ્યાથીઓને સમજૂતી આપી હતી. વિદ્યાર્થીઓને સુંદર માર્ગદર્શન આપવા બદલ શાળા પરિવાર વતી ટ્રેનરનો આભાર માન્યો હતો.

## સ્નો ગ્લોબ



**સામગ્રી**

- થોડી મોટી ગોળ બરણી
- ગુંદર
- રમકડું પ્રાણીઓ જેવી બીજી સુશોભનની વસ્તુઓ
- જરી
- ગ્લીસરીન
- નિચ્યંદિત પાણી
- સિલ્વર એક્રેલિક પેઇન્ટ

**બનાવવાની રીત:**

૧. બરણીને સિલ્વર એક્રેલિક પેઇન્ટથી કલર કરો.
૨. રમકડાં, પ્રાણીઓ અને બીજી સુશોભનની વસ્તુને ગુંદરથી ચોંટાડો
૩. નિચ્યંદિત પાણી બરણીમાં ભરો. તેમાં ગ્લિસરીન અને ...જેટલી જરી ભરો.
૪. ઢાંકણાને ચુસ્ત રીતે બંધ કરો તેને ઉંધી કરો. અંદર બરફ જેવું દેખાશે.



## જો જો પાછા હસતા નહી

### યમૂના નદી ક્યાં વહે છે

**શિક્ષક:** સંજૂ બતાવ યમૂના નદી ક્યાં વહે છે?
**સંજૂ:** યમુના નદી જમીન પર વહે છે
**શિક્ષક:** નકશામાં બતાવો કે ક્યાં વહે છે?
**સંજૂ:** નકશામાં કેવી રીતે વહી શકે છે... નકશો પલળીને ખરાબ થઇ જાય તો?

### ૦ નંબર મળ્યાં

કેજીના વિદ્યાર્થીને પેપરમાં ૦ નંબર મળ્યાં
**પિતા ગુસ્સાથી** - આ શું છે?
**વિદ્યાર્થી:** પપ્પા ટીચર પાસે સ્ટાર ખતમ થઇ ગયા હતા... તેથી તેમને મને મૂન આપી દીધો.

### બર્ડ ફ્લૂ થઇ ગયો

**શિક્ષક:** આટલા દિવસ ક્યાં હતો ?
**વિદ્યાર્થી:** બર્ડ ફ્લૂ થઇ ગયો હતો...
**શિક્ષક:** આ બીમારીઓ તો પક્ષીઓમાં હોય છે.
**વિદ્યાર્થી:** (ગુસ્સામાં) તમે મને માણસ સમજ્યો જ ક્યા... રોજ તો અંગૂઠા પકડાવીને મરઘો બનાવી દો છો...

### મચ્છર મારવાની દવા આપો

**ગ્રાહક:** મને મચ્છર મારવાની દવા આપો.
દુકાનદાર તેને દવા આપે છે
**ગ્રાહક:** આ દવાને કઇ રીતે ઉપયોગમાં લેવી.
**દુકાનદાર:** પહેલા એક મચ્છર પકડો પછી એને ગલીપચી કરો
ગલીપચી કરવાથી મચ્છર હસશે ત્યારે એના મોઢામાં આ દવા રેડી દેવાની.

